ટૅક્સ રામાયણ

પરેશ કપાસી



# શું તમે ફ્યુચર્સ ઍન્ડ ઑપ્શન્સની આવકને બિઝનેસની આવક ગણો છો?

આજકાલ શૅરમાં ટ્રેડિંગ ઉપરાંત ફ્યુચર્સ ઍન્ડ ઑપ્શન્સનું ટ્રેડિંગ પણ સામાન્ય બની ગયું છે. તમને કદાચ ખબર હશે કે ૩૧ માર્ચ, ૨૦૨૧ના રોજ પૂરા થયેલા વર્ષમાં લગભગ ૧.૪૩ કરોડ નવા રોકાણકારોએ ડીમૅટ ખાતાં ખોલાવ્યાં હતાં. કોરોનાકાળમાં સ્ટૉક્સ અને ડેરિવેટિવ માર્કેટમાં ટ્રેડિંગ કરવા માટેનાં ઑનલાઇન માધ્યમોનો ઉપયોગ પણ વધ્યો છે. જોકે ટ્રેડિંગ શરૂ કરનારા ઘણા લોકો એને લાગુ પડતા કરવેરાથી અજાણ હોય છે. આથી જ સ્વાભાવિક છે કે આવકવેરાના રિટર્નમાં એની નોંધ કેવી રીતે કરવી એના વિશે પણ માહિતી હોતી નથી. શું આ વ્યવહારો આવકવેરાના રિટર્નમાં બતાવવા જરૂરી હોય છે? શું એના માટે બુક્સ ઑફ અકાઉન્ટ્સ રાખવાં જરૂરી છે? આજે આપણે આ જ વિષયની વાત કરવાના છીએ.

અહીં આપણે ધારી લઈએ છીએ કે તમને ફ્યુચર્સ ઍન્ડ ઑપ્શન્સ વિશે બધી જ ખબર છે. આથી એની વ્યાખ્યા નહીં કરીએ. ફ્યુચર્સ ઍન્ડ ઑપ્શન્સમાં ટ્રેડિંગ કરવું એ બિઝનેસ પ્રવૃત્તિ ગણાય છે. હા, આવકવેરા ધારો, ૧૯૬૧ની કલમ ૪૩(૫) મુજબ એ બિઝનેસ પ્રવૃત્તિ છે. એને બિન-સટ્ટાકીય બિઝનેસ ગણવામાં આવે છે અને એમાં થતી આવક બિન-સટ્ટાકીય આવક કહેવાય છે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ ઑફ ઇન્ડિયાએ બહાર પાડેલી ટૅક્સ ઑડિટને લગતી ગાઇડન્સ નોટના પાના ક્રમાંક ૨૫માં આ વિષયની ચર્ચા કરવામાં આવી છે. એના આધારે કહી શકાય કે ફ્યુચર્સ ઍન્ડ ઑપ્શન્સ ટ્રેડિંગની આવકને સામાન્ય બિઝનેસની આવક ગણવામાં આવે છે. આમ, જો પગારદાર વ્યક્તિ પણ ફ્યુચર્સ ઍન્ડ ઑપ્શન્સમાં ટ્રેડિંગ કરતી હોય તો તેઓ અજાણતા જ બિઝનેસ કરતા હોય છે. એમાંથી કોઈકને નફો તો કોઈકને નુકસાન થતું હોય છે.

**બુક્સ ઑફ અકાઉન્ટ્સ રાખવા વિશે**

૧૯૬૧ના આવકવેરા ધારાની કલમ ૪૪એએ(૨) મુજબ બિઝનેસ કરનાર દરેક વ્યક્તિની બિઝનેસની આવક જો ૧.૨૦ લાખ રૂપિયા કરતાં વધારે હોય અથવા ટર્નઓવર ૧૦ લાખ રૂપિયા કરતાં વધારે હોય તો તેમણે બુક્સ ઑફ અકાઉન્ટ્સ રાખવી જરૂરી બને છે. વ્યક્તિગત કરદાતાઓ અને એચયુએફ (હિન્દુ અનડિવાઇડેડ ફૅમિલી) માટેની આ મર્યાદા આવક માટે ૨.૫૦ લાખ રૂપિયા અને ટર્નઓવર માટે ૨૫ લાખ રૂપિયા છે.

જે વ્યક્તિઓ આવકવેરા ધારાની કલમ ૪૪એડી હેઠળ આવક જાહેર કરતી હોય તેમણે બુક્સ ઑફ અકાઉન્ટ્સ રાખવાની જરૂર હોતી નથી. જોકે આ આવક ૨.૫ લાખ રૂપિયા (કરમુક્તિની મહત્તમ મર્યાદા) કરતાં વધારે હોય અને કલમ ૪૪એડીની જોગવાઈઓ અનુસાર નફો જાહેર કરવામાં આવતો ન હોય તો તેમણે બુક્સ ઑફ અકાઉન્ટ્સ રાખવી જરૂરી બને છે અને કલમ ૪૪એબી અનુસાર એનું ઑડિટ પણ કરાવવાનું હોય છે. આટલી ચર્ચાનાં કેટલાંક તારણો કોષ્ટક સ્વરૂપે રજૂ કરવામાં આવ્યાં છે:

| કિસ્સો | ૪૪એડીની જોગવાઈનો વિકલ્પ અપનાવાયો છે | નફો કેવી રીતે જાહેર કરવામાં આવે છે | ટિપ્પણી |
|---|---|---|---|
| ૧ | હા (ટર્નઓવર બે કરોડ રૂપિયા કરતાં ઓછું છે) | કલમ ૪૪એડી અનુસાર | બુક્સ ઑફ અકાઉન્ટ્સ રાખવાની જરૂર નથી અને ઑડિટ પણ કરાવવાની જરૂર નથી. |
| ૨ | હા (ટર્નઓવર બે કરોડ રૂપિયા કરતાં ઓછું છે) | ૬ ટકા કે ૮ ટકા નફો જાહેર કર્યો હોય અથવા ખોટ જાહેર કરી હોય | બુક્સ ઑફ અકાઉન્ટ્સ રાખવાની જરૂર છે અને ઑડિટ પણ કરાવવાની જરૂર છે. |
| ૩ | ના (કલમ ૪૪એબીમાં દર્શાવાયેલી મર્યાદા કરતાં ઓછું ટર્નઓવર છે) | નફો કે ખોટના આધારે | જો કલમ ૪૪એએની જોગવાઈ મુજબની મર્યાદા ઓળંગી દેવાઈ હોય તો બુક્સ ઑફ અકાઉન્ટ્સની જરૂર હોય છે, પણ એનું ઑડિટ કરાવવું પડતું નથી. |
| ૪ | ના (કલમ ૪૪એબીમાં દર્શાવાયેલી મર્યાદા કરતાં ઓછું ટર્નઓવર છે) | નફો કે ખોટના આધારે | બુક્સ ઑફ અકાઉન્ટ્સ રાખવાની અને ઑડિટ કરાવવાની જરૂર હોય છે. |

**સોદાવ્યવહારો માટેની અકાઉન્ટિંગની એન્ટ્રી**

સોદાવ્યવહારોની રકમમાં આવતા તફાવતના આધારે અકાઉન્ટિંગ કરી શકાય છે. અહીં એક ઉદાહરણ સાથે એની વાત કરીએ. નિફ્ટીમાં કરાયેલો વ્યવહાર.

**સોદાવ્યવહારમાં ૨૭,૫૦૦ રૂપિયાની ખોટ ગઈ. એની જર્નલ એન્ટ્રી આ પ્રમાણે હશે**

ફ્યુચર્સ ઍન્ડ ઑપ્શન્સ પ્રૉફિટ ઍન્ડ લૉસ અકાઉન્ટ ડેબિટ ૨૭,૫૦૦

ટુ સ્ટૉક બ્રોકર અકાઉન્ટ ક્રેડિટ ૨૭,૫૦૦ (નિફ્ટી ફ્યુચર્સમાં ગયેલી ખોટ)

જો આ સોદાવ્યવહારમાં નફો થયો હોય તો એની એન્ટ્રી ઉપરની એન્ટ્રીની રિવર્સ હશે. બીજો વિકલ્પ ઇન્વેન્ટરી મેઇન્ટેન કરીને રેકૉર્ડ સાચવી રાખવાનો છે. અહીં ધ્યાનમાં રાખવું કે આવકના ટર્નઓવરનો તાળો અકાઉન્ટિંગના ટર્નઓવર સાથે નહીં મળે. એનું કારણ એ છે કે આવકવેરા ધારા હેઠળ ટર્નઓવરની ગણતરી કરતી વખતે કુલ આંકડાને ધ્યાનમાં લેવાના હોય છે.

**આવક પર કરવેરો, સેટ ઑફ અને ખોટનું કૅરી ફૉર્વર્ડ**

આ આવકને સામાન્ય બિઝનેસની આવક ગણવામાં આવતી હોવાથી ફ્યુચર્સ ઍન્ડ ઑપ્શન્સમાં થતા નફા પર કરદાતાને લાગુ પડનારા સ્લૅબના આધારે કરવેરો ગણવાનો રહેશે. ખોટ જાય તો ઇન્ટ્રા હેડ ઇન્કમ એક્સેપ્ટ સ્પેક્યુલેટિવ બિઝનેસ ઇન્કમમાંથી અને ઇન્ટર હેડ ઇન્કમ એક્સેપ્ટ સૅલેરી ઇન્કમમાંથી એને સેટ ઑફ કરી શકાય છે. ખોટનું કૅરી ફૉર્વર્ડ લૉસ ફ્રૉમ બિઝનેસ ઍન્ડ પ્રોફેશન તરીકે આગામી આઠ વર્ષ સુધી કરી શકાય છે અને એને બિઝનેસ ઍન્ડ પ્રોફેશનના પ્રૉફિટ ઍન્ડ ગેઇન્સ સાથે ઍડ્જસ્ટ કરી શકાય છે.

લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. paresh.kapasi@mid-day.com પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.